# મેં ‘‘પ્યાર’’ લીખતા રહા, વો ‘‘પ્યાઝ’’ પઢતી રહી..!!!

## ડુંગળીના ભાવો આકાશને આંબતા સોશ્યલ મિડીયા પર પણ ડુંગળી છવાઈ..!

ગાંધીનગર, તા. ૮

‘‘ગરીબોની કસ્તુરી’’ કહેવાતી ડુંગળીના ભાવોએ ફરી એકવાર રાતો ચોળ રંગ ધારણ કર્યો છે અને દિવસે ને દિવસે ડુંગળીના ભાવ નવી ઊંચાઈને આંબી રહ્યાં છે જેના પગલે મધ્યમ અને ગરીબ વર્ગ પરેશાનીનો ભોગ બની રહ્યો છે. લાગે છે કે ડુંગળીને ‘‘એનડીએ સરકાર’’ સાથે વાંકુ પડેલુ છે કેમકે અગાઉ એકવાર અટલ બિહારી બાજપાઈની એનડીએ સરકારને ‘‘રાતા પાણીએ રડાવનાર’’ ડુંગળી ફરી એકવાર નરેન્દ્ર મોદીની એનડીએ સરકારની આંખમાં આંસુ લાવી રહી છે. જો કે આ સ્થિતિની પણ સોશ્યલ મિડીયામાં મોજ માણવામાં આવી રહી છે અને ‘‘ડુંગળી’’ અત્યારે દરેક મેસેજ ટોન સાથે તીખા તેવર દેખાડી રહી છે.

- આજે તો હું ધર્મ સંકટમાં મુકાયો, પડોશણ ડુંગળી માંગવા આવીને, ઘરવાળી ડુંગળીના કેટલાં નંગ ઘરમાં પડ્યાં છે એ પણ ગણીને ગઈ છે..!
- સાયકલની સાઈડ સ્કૂટરે કાપી અને ગાડીએ છકડાની સાઈડ કાપી... પણ કળિયુગ તો જુઓ સફરજનની સાઈડ ડુંગળીએ કાપી..!!
- એક સજ્જન હોટલના મેનેજરને : થોડા ડુંગળીના ફોતરાં આપશો ?
હોટલ મેનેજર : અરે ડુંગળીના ફોતરાંનું શું કરશો ?
સજ્જન : આજે મારી દિકરીને જોવા છોકરીવાળા આવવાના છે એટલે એમને બહાર ડસ્ટબીનમાં દેખાય તે રીતે નાંખવા છે.
- મેં ‘‘પ્યાર’’ લીખતા રહા..!!, વો ‘‘પ્યાઝ’’ પઢતી રહી..!! એક નુકતને મહોબ્બત કા સલાડ બના દિયા..!!
- હેલ્મેટનો ધીકતો ધંધો જોઈને કરેલી સગાઈ કાલે તોડી નાંખી અને દિકરીની સગાઈ ડુંગળીના ફેરિયા સાથે કરી નાંખી બોલો... સમય સમયની વાત છે ભાઈ..!!
- પત્નિ : અજી સુનતે હો, કોઈ મંહગી જગહ લે ચલોના..
પતિ : પ્યાઝ કી દુકાન પે લે ગયા..!!
- ભૂલથી પણ ડુંગળી સમારતા એકાદ પડ વધારે છોલાઈ જાય તો એવુ લાગે છે કે જાણે વીસની નવી નોટ ફાટી ગઈ હોય.
- બ્રેકિંગ ન્યુઝ : વિદેશી ડૉલરના મુકાબલે ભારતીય ડુંગળી વધુ મજબૂત..!!
- પુત્ર : પપ્પા, આ જૈન વાણીયા કેમ આટલાં પૈસાદાર હોય છે ?
પિતા : બેટા, એ લોકો કાંદા-લસણ નથી ખાતાને..!!!

# રાજ્યમાં ૩૫૦૦ શિક્ષકોની વધ હોવા છતાં એચટાટ આચાર્યોને બદલવાની કવાયત સામે અરવલ્લી જિલ્લામાં રોષ

મોડાસા, તા. ૮

રાજ્ય પ્રાથમિક શિક્ષણના નિયામક અને પ્રાથમિક શિક્ષણ વિભાગ મનફાવે તેવા નિર્ણય અને નિયમો બનાવી રહ્યા હોવાના આક્ષેપો સતત થઈ રહ્યા છે, ત્યારે એચ ટાટ આચાર્યોને વધ જાહેર કર્યા પછી બદલી કેમ્પ યોજવાના પરિપત્ર સામે અરવલ્લી જીલ્લા સહીત એચ. ટાટ આચાર્યોમાં વધના પ્રશ્ને મામલો ગરમાતાં હાઈકોર્ટમાં દાદ માંગીને વટ-ઘટના કેમ્પ ઉપર સ્ટે મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

અરવલ્લી જિલ્લામાં એચ. ટાટ આચાર્યોનો વધનો કેમ્પ તા. ૧૯ થી ૨૧ સુધીમાં કરી દેવાની સુચના આપવામાં આવતાં જિલ્લાભરના એચ. ટાટ આચાર્યોમાં ભારે રોષનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. કારણ કે ભરતી સમયે બાળકોની સંખ્યાના આધારે એચ. ટાટ ભરતી કરવામાં આવ્યા બાદ તેનાથી વધુ બાળકોની સંખ્યા હોવા છતાં અત્યારે વધ પાડવામાં આવી રહ્યા હોવાને કારણે એચ. ટાટ આચાર્યોમાં ભારે નિરાશા વ્યાપી જવા પામી છે. અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૮ સુધી વિવિધ તબક્કામાં એચ. ટાટ આચાર્ય તરીકે જગ્યાઓ દર્શાવીને ભરતી કરવામાં આવી હતી, જેમાં જે તે સમયે જુદા જુદા નિયમોને આધારે એચ. ટાટ આચાર્યોની જગ્યાઓ જે તે જિલ્લા પંચાયત દ્વારા દર્શાવવામાં આવી હતી. જેમાં ૩૦૦, ૨૫૦ અને ૨૦૧૮માં ૧૮૦ બાળકો ધરાવતી ધોરણ ૧ થી ૮ની શાળાઓમાં એચ. ટાટ આચાર્યોની જગ્યાઓ જાહેર કરવામાં આવી હતી.

જોકે હવે રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામકને આર.ટી.ઈ. કાયદાનું ભાન આવ્યું હોય તેમ તમામ શાળાઓમાં ૧ થી ૫ માં ૧૫૦ અથવા ધોરણ ૬ થી ૮ માં ૧૦૦ બાળકો હોય તેવી શાળામાં જ એચ. ટાટ આચાર્ય આપવાનું નક્કી કરીને અન્ય તમામને વધ જાહેર કરીને અન્ય શાળા કે તાલુકાની તાલુકાની શાળાની બદલવા માટે વધ-ઘટના કેમ્પનું આયોજન કરવાના આદેશો કરવામાં આવ્યા છે.

### રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ શું કહે છે ?

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૩૫-૨૦૦૯ મુજબ ધોરણ ૧ થી ૫ માં ૧૫૦ બાળકો ધરાવતી શાળાને પાંચ શિક્ષકો ઉપરાંત એક એચ. ટાટ આચાર્ય આપવામાં આવે અને ધોરણ ૬ થી ૮ ના તમામ વર્ગોમાં ૩૫ ની સંખ્યાના આધારે ગણિત-વિજ્ઞાન સા.વિ. અને ભાષાના એક શિક્ષક સાથે એક એચ. ટાટ આચાર્ય આપવામાં આવે, આમ ધોરણ ૬ થી ૮ માં ૧૫૦ કે ૧૦૫ બાળકો હોય તો બે એચ. ટાટ આચાર્ય ફાળવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે પ્રાથમિક શિક્ષણ નિયામક તેનો મનઘડત અર્થઘટન કરી રહ્યા છે. વહીવટી કેડરમાં સમાવિષ્ટ એચ ટાટ આચાર્યોને બાળકોની સંખ્યા સાથે શું મતલબ ?

રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષકથી અલગ એચ. ટાટ આચાર્યની વહીવટી કેડર ઉભી કરીને સીધી ભરતી તેમજ બઢતીથી ભરતી કરવામાં આવી હતી. શાળાની વહીવટી કામગીરી કરવા માટે ઉભી કરવામાં આવેલી કેડરને બાળ કોની સંખ્યા સાથે કોઈ સુસંગતતા ન હોવા છતાં હવે પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા બાળકોની સંખ્યાના આધારે એચ. ટાટ આચર્યને ફાળવવાની જોગવાઈ કરતાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. શાળાની વહીવટી કામગીરી માટે ઉભી કરવામાં આવેલી એચ. ટાટ કેડરને બાળકોની સંખ્યા સાથે કોઈ મતલબ ના હોવો જોઈએ તેવો મત શિક્ષણવિદોમાં પણ પ્રવર્તિ રહ્યો છે.

# મોડાસા નગરપાલિકાના ડમ્પિંગ સાઈટ પર ખુલ્લો દરવાજો જોખમી

## ગાયોના ધણ પ્લાસ્ટિક સહીત ગંદો કચરો આરોગતા જોખમ

મોડાસા નગરપાલિકા હદ વિસ્તારમાં કાર્યરત ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરી આ ઘન કચરાનો નીકાલ મદાપુર માર્ગે આવેલા ડમ્પીંગ સાઈટે કરવામાં આવી રહયો છે. અસહ્ય ગંદકીથી ઉભરાતા અને દુર્ગંધભર્યા આ કમ્પોસ્ટ સાઈટ પર કોઈ પણ પ્રકારની સુરક્ષા રાખવામાં ન આવતા અને દરવાજા પણ ખુલ્લા હોવાથી શહેરમાં રખડતી ગાયો અને ઢોર ડમ્પિંગ સાઈટનો ઝેરી કચરો આરોગતી ઠેર ઠેર નજરે પડી રહી છે. પશુપાલકોએ પણ તેમના પશુધણને ખુલ્લા મૂકી દેતા જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.



મોડાસા નગરમાં હાલ ડોર ટુ ડોર કચરા નીકાલની કાર્યવાહી ખોટકાતી ચાલી રહી છે. કચરો ઉઘરાવતા ટ્રેક્ટરો સયમસર સ્થળ ઉપર પહોંચતા ન હોઈ નગરજનોને કચરો સંગ્રહ કરી રાખવાની ફરજ થઈ પડે છે. જયારે રસ્તા ઉપર કરાતા કચરાના ઢગ પાલિકા દ્વારા જ સળગાવી દેવાય છે. જે કચરો એકઠો કરાય છે તે પૈકીના ઘન કચરાના નીકાલ માટે પાલિકાની ડમ્પીંગ સાઈટ બનાવવામાં આવી છે. આ ડમ્પિંગ સાઈટને નધણિયાત મૂકી દેવામાં આવતા અને કોઈપણ જાતની તકેદારી રાખવામાં નગરપાલિકા તંત્ર ઉણુ ઉતરતા રસ્તે રઝળતી ગાયો ખોરાકની શોધમાં ડમ્પિંગ સાઈટ પર ઝેરી કચરો આરોગવા મજબુર બની છે. ડમ્પિંગ સાઈટ પર ઝેરી કચરો આરોગતા ગાયના સ્વાસ્થ્ય સામે ખતરો પેદા થવાની સાથે અકાળે મોતને ભેટી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.



હિન્દુત્વ અને ગાયના નામે મત માંગી વર્ષોથી મોડાસા શહેર નગરપાલિકામાં ભાજપ સત્તા ભોગવી રહેલા સત્તાધીશો ગાયનું રક્ષણ કરવામાં અને રસ્તે રઝળતી ગાયો માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં ઉણી ઉતરી હોવાનું શહેરીજનો અહેસાસ અનુભવી રહ્યા છે. ડમ્પિંગ સાઈટ પર દરવાજા બંધ રાખવામાં આવે અને ડમ્પિંગ સાઈટ પર ચોકીદાર મુકવામાં આવેની માંગ પ્રબળ બની છે.



અરવલ્લી રમત ગમત વિભાગ દ્વારા રાજ્ય સરકાર પુરસ્કૃત ખાસ તમામ પ્રકારની ક્ષતિ ધરાવતા દિવ્યાંગ બાળકો માટે ખેલ મહાકુંભનું આયોજન કારવામાં આવ્યું. જિલ્લાના ૪૭૦ જેટલા શાળામાં સંમેલીત શિક્ષણ વ્યવસ્થામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો વિશિષ્ટ તજજ્ઞો અને નિષ્ણાતોના સહયોગથી ઉત્સાહભેર ખેલ મહકૂભમાં રમત દ્વારા સામાન્યજનોની જેમ દિવ્યાંગ બાળકો પોતાના કૌશલ્યને પ્રદર્શિત કરીને સમાજમાં અન્ય બાળકોની જેમ સમાનતા કેળવે તેવા વિચાર સાથે રમત ગમતનું આયોજન અરવલ્લી સ્પેશિલ સ્પોર્ટ્સ અને મુકબધીર ટ્રસ્ટ અરવલ્લી સમગ્ર શિક્ષા અભિયાન અરવલ્લી સાથે સામજિક કાર્યકર નિલેશ જોશી, રમત ગમત અધિકારી, આઈ.ઈ.ડી. કો.અમિત કવિ, પ્રમુખ હરેશ વણકર, સ્પેશિયલ ઓલમ્પિક તજજ્ઞ સિલેદ્રસિંહ પરમાર હાજર રહી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભને સહયોગ આપવમાં આવેલ.



## ભુજ ખાતે સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલનું મુખ્યમંત્રીના હસ્તે ખાતમૂહૂર્ત

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ છેવાડાના ગરીબ માનવીને આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સરકારે નવી હેલ્થ પોલીસી બનાવી છે જેમાં જે કોઈ સંસ્થા સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલ શરૂ કરે તેમાં ૨૫ ટકા સબસીડી રાજય સરકાર દ્વારા આપવામાં આવશે. ઉપરાંત હોસ્પિટલની વ્યવસ્થા અને વ્યવસ્થિત ચલાવવા માટે પણ આર્થિક સહયોગ પ્રદાન કરશે તેમ જણાવ્યું હતું.

ભુજ ખાતે શ્રી કચ્છી લેવા પટેલ એજયુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત રૂ. ૧૨૫ કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ થનાર શ્રી કે.કે. પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના કાર્યક્રમનું ખાતમૂહૂર્ત કર્યા બાદ સંબોધી રહયાં હતા. વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે અગાઉ મેડિકલ કોલેજોમાં ફકત ૯૦૦ સીટ હતી આજે ૫૫૦૦ સીટોનું નિર્માણ કરીને ડોકટરોની ખાધ પૂર્ણ કરવા સરકારના પ્રયત્નો ચાલુ છે ત્યારે સરકાર જે રીતે દર્દીઓને ‘‘મા અમૃતમ’’ જેવી યોજના થકી મફત સારવાર આપી રહી છે તેવી રીતે આ સંસ્થા પણ આ દિશામાં વિચારે.

# સાબરકાંઠા એલસીબીએ ટીંટોઈ ગામની મહિલાના ગળામાંથી અછોડો તોડનાર મેઘરજના બે ચેઈનસ્નેચરને દબોચ્યા

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં ચેઈનસ્નેચરની ટોળકીના આતંકથી મહિલાઓ ઘરમાંથી બહાર અસલામતી અનુભવી રહી છે. જીલ્લાના શહેરી વિસ્તારો છોડીને ચેઈનસ્નેચરો ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ માર્ગો પર નજર ઠેરવી હોય તેમ ઉપરાછાપરી ગ્રામ્ય વિસ્તારમાં રસ્તામાંથી પસાર થતી રાહદારી મહિલાઓ અને દ્વિ-ચક્રીય વાહનો પર પસાર થતી મહિલાઓને નિશાન બનાવી ગળામાં પહેરેલી ચેઈન અને મંગળસૂત્રની લૂંટ કરી હવામાં ઓગળી જતા પોલીસતંત્ર અને વિવિધ શાખાઓની શાખ દાવ પર લાગી છે. સાબરકાંઠા એલસીબી પોલીસે ટીંટોઈ ગામે ચેઈનસ્નેચીંગ ઘટનાને અંજામ આપનાર બે ચેઈનસ્નેચરોને દબોચી લઈ અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભા કરી દીધા છે.

૪ ડિસેમ્બરના રોજ મોડાસાના ટીંટોઈ ગામના વિમળાબેન પટેલ કેનાલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર બાઈક પર આવેલા બે ચેઈનસ્નેચરોએ ત્રાટકી ગળામાંથી ૩૦ હજારથી વધુની કિંમતનો સોનાનો દોરો ખેંચી ફરાર થઈ ગયા હતા. જે અંગે મોડાસા રૂરલ પોલીસે ગુન્હો નોંધી રાબેતા મુજબની કામગીરી હાથ ધરી હતી. જીલ્લા એલસીબી, એસઓજી ટીમ પણ ચેઈનસ્નેચરોને ઝડપવામાં નિષ્ફળ અને ઉંઘતી રહી હતી. બીજી બાજુ સાબરકાંઠા એલસીબી પીઆઈ વી.આર. ચાવડા અને તેમની ટીમે અરવલ્લી જીલ્લામાં ચેઈનસ્નેચીંગ કરનાર બંને ચેઈનસ્નેચર સાબરકાંઠા જીલ્લામાં પ્રવેશ્યા હોવાની બાતમી મળતા જીલ્લા એલસીબી પોલીસે બાતમી અને બંને ચેઈનસ્નેચરના સીસીટીવી ફૂટેજ પણ હાથ લાગતાં સઘન તપાસ આદરી દઈ પ્રહલાદ ઉર્ફે ભટલો રાજેશભાઈ ખરાડી અને જ્યોતિષ રમેશભાઈ ખરાડી (બંને રહે શાંતિપુરા, મેઘરજ, અરવલ્લી)ને લૂંટ કરેલ સોનાની ચેઈન અને પલ્સર બાઈક મળી કુલ રૂ. ૮૦૦૦૦ના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.



### રવિ સિઝન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેક્ટરમાં અને કલોલમાં માત્ર ૭૨ હેક્ટરમાં નોંધાયુ છે. રાઈનું વાવેતર ગાંધીનગરમાં, ઘઉંનું વાવેતર દહેગામમાં, તમાકુ ને શાકભાજીનુ વાવેતર માણસા તાલુકામાં સૌથી વધારે નોંધાયુ છે. કલોલમાં સૌથી વધુ વરસાદ જિલ્લામાં થયો હોવા છતાં વાવણીની કામગીરી ધીમી અન્ય તાલુકાઓની સરખામણીમાં ચાલી રહી છે. જો કે ઠંડીનો માહોલ કારણે ઘઉં તેમજ ફેર રોપણીના પાક તમાકુ અને વરિયાળીના વાવેતરમાં આ સપ્તાહમાં વધુ વેગ આવશે. પાકો રોકડિયા પાક તરીકે ઓળખાય છે અને તેમાં પણ આ વખતે વાવેતર વિસ્તાર વધશે તેમ મનાઈ રહ્યુ છે.

### વધતી ઠંડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડા પવનને કારણે નલિયાનુ તાપમાન ૭ ડિગ્રી ગગડ્યુ હતુ અને તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે અમદાવાદ શહેરનુ તાપમાન ૩ ડિગ્રી ઘટ્યુ હતુ. અમદાવાદ-નલિયા ઉપરાંત ડીસામાં લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી, વડોદરા ૧૬ ડિગ્રી, રાજકોટ અને ભૂજ ૧૩.૩ ડિગ્રી, ભાવનગર ૧૬.૩ ડિગ્રી, કંડલા એરપોર્ટ ૧૨.૫ ડિગ્રી અને સુરેન્દ્રનગરનુ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયુ હતુ. આગામી દિવસોમાં ધીમે ધીમે ઠંડી જામશે તેવી આગાહી હવામાન વિભાગે કરી હતી.

### ઉભરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંદોલનકારીઓ મહાત્મા મંદિર અને ઘ-૪ા ની વચ્ચેના સ્વર્ણિમ પાર્કમાં હોય છે. આજે ગાંધીનગરનો ઘ-માર્ગ આંદોલન કારીઓથી ઉભરાતો જોવા મળશે. સત્યાગ્રહ છાવણીમાં ચાલતા નાના-મોટા આંદોલનો પણ ચાલુ રહેશે.

# વાસણ ગામે ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજાના એનએસએસ યુનિટની ગ્રામ શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૮

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પ્રેરિત ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા ગ્રામ સેવા કેન્દ્રની રાષ્ટ્રીય સેવાયોજનાની ગ્રામ શિબિર તા. ૭મીથી ૧૩ ડિસેમ્બર દરમ્યાન વાસણ ગામે આયોજિત કરાઈ છે. ‘‘મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ’’ આધારિત આ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ ‘‘ગાંધી દોઢસો’’, ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ અને એનએસએસના સુવર્ણ જયંતિ વર્ષના ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠના નિયામક રાજેન્દ્ર ખીમાણીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

ગ્રામશિબિરના શુભારંભ પ્રસંગે રાજેન્દ્ર ખીમાણીએ શિબિરાર્થીઓને ગ્રામજનો સાથે મળીને સ્વચ્છતા અંતર્ગત સમૂહ સફાઈ કરવા હાંકલ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા પંચાયતના સદસ્ય સુશીલાબા વાઘેલા તથા સરપંચ પ્રિયંકાબા વાઘેલાએ વાસણ ગામ વતી શિબિરાર્થીઓને આવકાર્યા હતા. રાંધેજા એકમના ડૉ. સંજય મકવાણાએ શિબિરની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરના અગ્રણી જીલુભા ધાંધલ, વાસણ પ્રાથણિક શાળાના આચાર્ય નિલેષભાઈ ગોહિલ, ગામના તલાટી-કમ-મંત્રી દિપ્તીબેન ત્રિવેદી તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. સમારંભનું સંચાલન ડૉ. હિતેષ જાગાણીએ કર્યુ હતુ જ્યારે શિબિર સંચાલક હસમુખ પંચાલે આભારવિધિ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શિબિર દરમ્યાન સ્વચ્છતા અંતર્ગત વિવિધ કાર્યક્રમો, મેડિકલ કેમ્પ, પશુનિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ, ખેડૂત શિબિર, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે યોજાશે. શિબિર દરમ્યાન વિવિધ ક્ષેત્રના તજજ્ઞો તથા અગ્રણીઓ પણ શિબિરની મુલાકાત લેશે.

### ભીષણ આગ....

● પહેલા પાનાનું ચાલુ

નીકળી હતી. જેમાં ૫૯ લોકો ભડથુ થયા હતા. આગની ઘટના બન્યા બાદ બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ઈજા ગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દાઝી ગયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આજે વહેલી પરોઢે અગ્નિકાંડની આ ઘટના બની હતી. જ્યાં વિનાશકારી આગને કારણે ૪૪ લોકોના મોત થયા હતા. તે ઈમારતમાં તપાસના ભાગરૂપે તથા મદદરૂપે એનડીઆરએફની ટીમ પહોંચી હતી. ટીમના કહેવા મુજબ આ ઈમરાતમાં ખતરનાક કાર્બન મોનોકસાઈડ ગેસ ભરાઈ ગયો હતો. એનડીઆરએફની ટીમે ગેસ ડિટેક્ટરની મદદથી ખતરનાક ગેસ માટે ઈમારતમાં તપાસ કરી હતી. એનડીઆરએફના ડેપ્યુટી કમાન્ડર આદિત્ય પ્રતાપસિંહે કહ્યું હતું કે,ઈમારતમાં કાર્બન મોનોકસાઈડ ગેસ મળી આવ્યા બાદ વધુ તપાસ ચાલી રહી છે. ત્યારબાદ અમારા દ્વારા વધુ તપાસ કરવામાં આવી હતી. તેમના કહેવા મુજબ ત્રીજા અને ચોથા માળ પર ધુમાડા જોવા મળ્યા હતા. આ બંને માળ પર ધુમાડાના લીધે સ્થિતિ વધુ ખરાબ થઈ હતી અને ઘણી તકલીફો નડી હતી. એનડીઆરએફના ડેપ્યુટી કમાન્ડરના કહેવા મુજબ તેમની ટીમને ઈમારતમાં કેટલીક બારિઓ સીલ કરેલી દેખાઈ હતી. એવા રુમ પણ હતા જ્યાં કર્મચારીઓ અને મજુરો નીંદમાં હતા. વેન્ટીલેશન માટે નહીવત જેટલી જગ્યા હતી. મોટાભાગના વર્કરોને ત્રીજા માળે સિફ્ટ કરવામાં આવ્યા હતા. ઈમારતમાં પડેલી ચીજો સળગી જવાના કારણે સીઓની રચના થઈ હતી. ૧૯૯૭ના ઉપહાર સિનેમા અગ્નિકાંડ બાદથી દિલ્હીની આ સૌથી વિનાશકારી ઘટના છે. મોટી સંખ્યામાં લોકોને જીવતા બચાવવામાં આવ્યા હતા. ભારે અફડાતફડી જોવા મળી હતી. આગના કારણે તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. દાઝી ગયેલા લોકોને આરએમએલ, એલએનજેપી, હિન્દુ રાવ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સગા સંબંધીઓમાં પણ અધાધુની જોવા મળી હતી. આગ ફાટી નીકળી ત્યારે અનેક મજુરો ઘહેરી નીંદમાં હતા. ઈમારતમાં પવનના અવર જવર માટેની વ્યવસ્થા ન હતી.

### કાયદો અને કાનૂન ●

ચોથા પાનાનું ચાલુ

બંધારણની કલમ ૩૦૯ મુજબ સરકારને ભરતીના નિયમોમાં ફેરફાર કરવાની સત્તા છે. કોઈપણ કર્મચારી નોકરીમાં જોડાવ્યા પછી બઢતી દ્વારા નિમણુંકના નિયમોમાં ફેરફાર કરવામાં આવે તો તે નોકરીની શરતોમાં અયોગ્ય ફેરફાર કે સરકાર પક્ષે વચન ભંગ ગણાશે નહિ તેવું પી.એન. રાવ વિરુધ્ધ ગુજરાત રાજયના કેસમાં અદલાતે ઠરાવ્યું છે.

જયારે સરકારી કર્મચારીની નિમણુંક કાયમી ધોરણે કાયમી જગ્યા ઉપર થાય અને તેને તે જગ્યા ઉપર કાયમી કરવામાં આવે ત્યારે તેને તે જગ્યા ઉપર ધારણાધિકાર પ્રાપ્ત થાય છે.

કોઈપણ ખાતામાં કે વિભાગમાં કામનો અભાવ હોય ત્યારે કર્મચારીઓની છટણી અનિવાર્ય બને છે. છટણી કરતી વખતે છેલ્લે આવેલો કર્મચારી પ્રથમ જાય તે નિમય લાગુ પડે છે જો આ સિધ્ધાંતનો ભંગ થાય તો કલમ ૧૪ ના નિયમનો ભંગ ગણાય છે.

(મો.) ૯૮૨૫૪૫૦૧૯૧

### વિશેષ સહાય...

● પહેલા પાનાનું ચાલુ

બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વડાપ્રધાન રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારને ૨-૨ લાખ રૂપિયા અને દાઝી ગયેલા લોકો માટે ૫૦-૫૦ હજાર રૂપિયાની જાહેરાત કરી હતી. દિલ્હી સરકાર, પીએમઓ, ભાજપ અને બિહાર સરકારે વળતરની જાહેરાત કરી દીધી છે. ભાજપે પણ પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમારે પણ રાજ્ય સાથે જોડાયેલા પીડિતોના પરિવારને બે-બે લાખ રૂપિયાના નાણાંકીય સહાયતા આપવાની જાહેરાત કરી છે. દિલ્હી પોલીસના પીઆરઓ એમએસ રંધાવાએ કહ્યું છે કે, આ ઘટના સોર્ટ સર્કીટના કારણે થઈ છે. કેજરીવાલે કહ્યું છે કે, આ ખુબ જ દુખદ ઘટના છે. મેજીસ્ટ્રેટ દ્વારા આ મામલામાં તપાસ કરવામાં આવનાર છે. દિલ્હી સરકારે સાત દિવસમાં રિપોર્ટ આપવા માટે પણ આદેશ કર્યો છે. દિલ્હીના મહેસુલ મંત્રી કૈલાશ ગહેલોત દ્વારા આદેશ કરાયો છે. દિલ્હી પોલીસ દ્વારા પણ આ મામલામાં તપાસ કરવામાં આવનાર છે. કેજરીવાલેં હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સાથે જ મૃતકોના પરિવારને ૧૦-૧૦ લાખ તથા ઈજાગ્રસ્તોને ૧-૧ લાખની આર્થિક સહાયતા આપવાની જાહેરાત કરી હતી. બીજીબાજુ દિલ્હી ભાજપ અધ્યક્ષ મનોજ તિવારીએ મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ અને ઈજાગ્રસ્તોને ૨૫-૨૫ હજારની આર્થિક સહાયતા આપવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી કેજરીવાલ મોડી સાંજે એલએનજેપી હોસ્પિટલમાં દાઝી ગયેલા લોકોને મળવા માટે પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે એક વ્યક્તિ ૫૦ ટકાથી વધુ દાઝી ગઈ છે. આઠ અન્યોને શ્વાસ સાથે ધુમાડા જવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અન્ય ૧૫ લોકો દાઝી ગયા છે. સમગ્ર ઈમારતમાં ગંભીરતાપૂર્વક અને ઝીણવટીપૂર્વક તપાસ કરવામાં આવી હતી. અગ્નિકાંડની ઘટનાથી તમામ ચોંકી ગયા છે.

### નીરવ મોદીની

● પહેલા પાનાનું ચાલુ

નીરવ મોદી તેના મામા મહેલુ ચોકસી અને અન્ય કેટલાક લોકો પર પીએનબીને ૧૩૦૦૦ કરોડ રૂપિયાનો ચુનો લગાવવાનો આરોપ મુકવામાં આવ્યો છે. નીરવ મોદીની સામે જુદા જુદા કાનુન લાગુ કરવામાં આવ્યા છે. કારણ કે તે ગયા વર્ષે પહેલી જાન્યુઆરીના દિવસે દેશ છોડીને ફરાર થઈ ગયો હતો. તેના ઉપર ગંભીર પ્રકારના આરોપો રહેલા છે. નીરવ મોદી ભારતથી ફરાર થયા બાદ પરત ફરવા ઈન્કાર કરી રહ્યો છે. નીરવ મોદીની આ વર્ષે માર્ચ મહિનામાં લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી લઈને તે હજુ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે. તેને ભારત લાવવા માટે પ્રત્યાર્પણની પ્રક્રિયા ચાલી રહી છે. વિજય માલ્યા બાદ નીરવ મોદી બીજા એવા અપરાધિ છે જેને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરાયા છે. હાલમાં નીરવ મોદીને એક પછી એક ફટકા પડી રહ્યા છે. લંડનમાં નીરવ મોદીની કસ્ટડી બીજી જાન્યુઆરી સુધી વધારી દેવામાં આવી છે. બીજી તરફ મુંબઈ હાઈકોર્ટે મેહુલ ચોકસીની એવી અરજીને ફગાવી દીધી છે. જેમાં તેની સામે ખાસ કોર્ટમાત્ત કાર્યવાહી જારી છે. તપાસ સંસ્થાઓના કહેવા મુજબ નીરવ મોદી અને તેના મામા ચોકસીએ કેટલાક બેંક અધિકારીઓ સાથે મળીને કથિત રીતે પંજાબ નેશનલ બેંક સાથે છેતરપીડી કરી હતી. સાથે સાથે ગેરન્ટી પત્ર જારી કરીને ૧૩૦૦૦ કરોડ રૂપિયાનો ચુનો લગાવી દીધો હતો. આ ગેરન્ટી પત્ર માર્ચ ૨૦૧૧થી મુંબઈની પીએનબીની એક શાખા બેંકથી છેતરપીડી કરવા મોદી સાથે જોડાયેલી કંપનીઓના ગ્રુપ સાથે તરફેણ કરવામાં આવી હતી. આ ગેરન્ટી પત્રો એ વખતે જારી કરવામાં આવ્યા હતા. જ્યાં આ મામલો સપાટી પર આવ્યો ન હતો. ગેરન્ટી પત્રો સતત જારી થવાના કારણે બેંકને ભારે નુકસાન થયું હતું. માર્ચ મહિનામાં નીરવ મોદીની લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદથી લઈને તે હજુ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તેને ભારત લાવવાના તમામ પ્રયાસો થઈ રહ્યા હોવા છતાં હજુ સુધી સફળતા મળી નથી. આવનાર દિવસોમાં નીરવની મુશ્કેલી વધશે.

### જાન જોખમે...

● પહેલા પાનાનું ચાલુ

નામના કર્મીની ચારેય બાજુ પ્રશંસા થઈ રહી છે. ખાસ બાબત એ છે કે, આગ લાગવાની ઘટના અંગે માહિતી મળ્યા બાદ સૌથી પહેલા ફાયરબ્રિગેડની ટુકડી પહોંચી ત્યારે સૌથી પહેલા ઈમારતમાં રાજેશ શુકલા ઘુસી ગયા હતા. પોતાની જાનની ચિંતા કર્યા વગર દેવદુત બનીને આગમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. રાહત કામગીરી દરમિયાન તેમને પગમાં ઈજા થઈ હતી. હવે તેમને એલએનજેપી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. તેમના સાહસની દિલ્હીના મંત્રી સત્યેન્દ્ર જૈનને પણ પ્રસંશા કરી છે.

આ ગાળા દરમિયાન દિલ્હીના મંત્રી ઈમરાન હુસૈન પણ ઉપસ્થિત રહ્યા હતા. જૈને ટ્વિટ કરીને કહ્યું છે કે, ફાયરબ્રિગેડના કર્મી રાજેશ શુકલા અસલી હિરો છે. તેમના સાહસને અમે સલામ કરે છે. દિલ્હી અગ્નિકાંડની ઘટનામાં ફાયરબ્રિગેડની ભૂમિકાની ચારે બાજુ પ્રશંસા થઈ રહી છે. ખુબ જટિલ સ્થિતિ હોવા છતાં ફાયરબ્રિગેડે સમયસર પહોંચી જઈને મોટી સંખ્યામાં લોકોને બચાવી લીધા હતા.